તા.

## *એલોટમેન્ટ લેટર*

**ખરીદનાર :**
**નામ :**
**સરનામું :**

**વિષયઃ- ફ્લેટ/દુકાન નંબરઃ............. નુ બુકીંગ/ફાળવણી.**

**શ્રીમાન/શ્રીમતિ,**

**જીલ્લા બનાસકાંઠા, પેઠા જીલ્લા-પાલનપુર, તાલુકા પાલનપુરના કસ્બા પાલનપુરની સીમમાં આવેલ એકત્રીત બી.ખે.રે.સ.નંબરઃ ૧૧૯૩/૧+૧૧૯૩/૨ પૈકી (નવો સર્વે નંબરઃ ૩૨૦૮/પૈકી) પ્લોટ નંબરઃ ૯૦,૯૫,૨૦/૨,૨૧/૧,૨૧/૨, પ્લોટ-બી, પ્લોટ નં.સી તથા પ્લોટ નંબરઃ ૧૭/૨ ની કુલ ચો.મી.૨૨૭૨-૮૨ આશરેની રેસીડેન્સીયલ ફ્લેટ તથા રીટેઈલ શોપના હેતુની બીનખેતીની જમીન પાલનપુર નગરપાલીકાની ટી.પી. કમીટીના ઠરાવ નંબરઃ ૨૭૩, તારીખઃ ૦૯-૦૧-૨૦૧૯ થી બાંધકામ પરવાનગી મેળવી "અનમોલ હાઈટસ" નામે ગ્રાઉન્ડ ફ્લોર ઉપર પાર્કીંગ તથા દુકાનો, જયારે ફર્સ્ટ ફ્લોર, સેકન્ડ, થર્ડ, ફોર્થ તથા ફીફ્થ,સીકસ, તથા સેવન ફ્લોર સુધી રહેણાંક હેતુના ફ્લેટ તથા દુકાનોની સ્કીમ બનાવવામાં આવેલ છે. જેની ચતુરસીમા નીચે મુજબ છે.**

| | | |
|---|---|---|
| **પુર્વે** | **:-** | **ડેરી રોડ આવેલ છે.** |
| **પશ્ચિમે** | **:-** | **લાગુ પ્લોટ નંબરઃ ૯૧,૯૨,૯૩,૯૪ તથા ૬-૦૦ મીટર પહોળો રસ્તો આવેલ છે.** |
| **ઉત્તરે** | **:-** | **લાગુ ૭-૫૦ મીટર પહોળો રસ્તો આવેલ છે.** |
| **દક્ષિણે** | **:-** | **લાગુ પ્લોટ નંબરઃ ૧૭/૧ તથા ૨૦/૧ આવેલ છે.** |

**સદરહું "અનમોલ હાઈટસ" પૈકીના બ્લોક નંબરઃ............. પૈકી ........... ફ્લોરનો ફ્લેટ/દુકાન નંબરઃ............., કારપેટ એરીયા ચો.મી................. તથા બાલ્કની એરીયા ચો.મી................. તથા............................ મળી કુલ બાંધકામ એરીયા ચો.મી..................... વાળી મિલ્કતનું બુકીંગ કરવા માટે તમારા ધ્વારા અમોને અરજી કરવામાં આવેલ છે. જે અરજી અન્વયે ઉપરોક્ત દુકાન/ફ્લેટની અમો આ એલોટમેન્ટ લેટરથી તમોને ફાળવણી કરી આપીએ છીએ. જે દુકાન/ફ્લેટના અવેજ પેટે કુલ રૂ.................. અંકે રૂપિયા.................................... નક્કી કરવામાં આવેલ છે. જેની ચતુરસીમા નીચે મુજબ છે.**

| | |
|---|---|
| **પુર્વે** | **:-** |
| **પશ્ચિમે** | **:-** |
| **ઉત્તરે** | **:-** |
| **દક્ષિણે** | **:-** |

**અમો લખી આપનારે રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી, અમદાવાદ ખાતે રજીસ્ટર્ડ કરાવેલ છે. જેનો રજીસ્ટ્રેશન નંબરઃ......................... છે.**

**સદરહું એલોટમેન્ટ/બુકીંગ પેટે આજરોજ તમોએ અમોને કુલ રૂ................. અંકે રૂપિયા........................................ પુરા ચુકવી આપેલ છે. જે અમોને મળી ચુકયા છે, જે રકમ તમારા કુલ અવેજના ભાગ રૂપે ગણવામાં આવશે. તે સિવાયની બાકી રહેતી રકમ આ સાથે એનેક્ષર-એ મુજબના હપ્તાથી ચુકવવાના રહેશે. જો તે હપ્તાની રકમ તથા બીજા વધારાના ચાર્જીસ (એનેક્ષર-બી) ચુકવવામાં કસુર કરશો તો જેટલો સમય હપ્તાની રકમ લેટ કરવામાં આવશે તેટલા સમયનું પ્રતિ એક વર્ષના ૧૨ % મુજબ તમોએ અમોને વ્યાજ સાથે હપ્તાની રકમ તથા બીજા ચાર્જીસ ચુકવવાની રહેશે. જે રકમ ભરપાઈ થયેથી તમારૂ એલોટમેન્ટ કાયમ રાખવામાં આવશે નહિતર સદર એલોટમેન્ટ રદ કરવાની ફરજ પડશે.**

જો તમોએ બુકીંગ પેટે આપેલ ચેક કે તે પછીના હપ્તાની રકમના ચેક બાઉન્સ થશે તો તેવા હપ્તાની રકમ બેંક ધ્વારા વસુલવામાં આવતી પેનલ્ટી, વ્યાજ અને/અગર દંડની રકમ સહિત તમારી પાસેથી વસુલવામાં આવશે. તે સિવાય તમો જો સદરહું બુકીંગ ચાલુ રાખવા માંગતા અશે તો તમોએ અમોને પણ ચડેલ હપ્તાની વાર્ષિક ૧૨ % વ્યાજ સહિતની રકમ ઉપરાંત પેનલ્ટીની રકમ પણ ચુકવવાની રહેશે. અને જો તમો સદરહું બુકીંગ રદ કરવા મગતા અશો તો સદરહું ફલેટના અવેજની નકકી થયેલ રકમના ૧૦ % રકમ બુકીંગ કેન્સલેશન એમાઉન્ટ તરીકે ટોકનમાંથી કાપી બાકી રહેતી બુકીંગ એમાઉન્ટ અમો તમોને પરત કરવા બંધાઈએ છીએ.

જો તમો એનેક્ષર સી માં બતાવેલ શરતોનું પાલન કરવામાં કસુર કરશો તો તમોએ આપેલ ટોકન એમાઉન્ટની રકમ જપ્ત કરી આ બુકીંગ રદ કરવામાં આવશે. જે ટોકન એમાઉન્ટની રકમ પુરેપુરી જપ્ત કરવી કે તે પૈકી અમુક રકમ જપ્ત કરવી તે અમો પ્રમોટરને આધિન રહેશે.

આ બુકીંગની સંમતિ સાથે આ નીચે સહી કરી આ લેખની નકલ અમોને પરત કરવી.

આપનો વિશ્વાસુ.

હું આ શરતોને આધિન બુકીંગ કરાવી આ નીચે મારી સહી કરૂ છું.

(એલોટી)

## એનેક્ષર-એ

### પેમેન્ટ સીડયુલ

| હપ્તાની તારીખ | હપ્તાની રકમ |
| --- | --- |

## એનેક્ષર-બી

### વધારાના ખર્ચા તથા વેરાઓ

| ખર્ચ તથા વેરાની વિગત | રકમ (રૂા.માં) |
| --- | --- |

## એનેક્ષર-સી

૧) અવેજ પેટે કુલ રૂા................ અંકે રૂપિયા................................ નક્કી કરવામાં આવેલ છે. સદરહું એલોટમેન્ટ/બુકીંગ પેટે આજરોજ તમોએ અમોને કુલ રૂા...................... અંકે રૂપિયા........................... પુરા ચુકવી આપેલ છે. જે બુકીંગ એમાઉન્ટ કુલ અવેજની રકમમાં અમોએ તમોને મજરે આપવાની છે. જયારે બાકી રહેતી બુકીંગ રકમ એનેક્ષર-એ માં બતાવ્યા મુજબ ચુકવવાની નક્કી કરેલ છે. જે બુકીંગ રકમ (કુલ અવેજની રકમના ૧૦ %) અમોને ચુકતે મળ્યેથી અમો તમોને સદરહું મિલ્કતનો બાનાકરાર લેખ કરી આપીશું.

૨) સદરહું મિલ્કતના અવેજની કુલ્લે રકમ બીજા વધારાના ખર્ચ અને વેરાઓ સહિત અમોને ચુકતે મળ્યેથી અમો સદરહું મિલ્કતનો રજી.વેચાણ દસ્તાવેજ પાલનપુર સબ-રજીસ્ટ્રાર કચેરીમાં રજીસ્ટર્ડ કરાવી આપવા બંધાઈએ છીએ.

૩) સદરહું મિલ્કતના અવેજની રકમ તથા વધારાના વેરાઓ તમોએ અમોને ચેક અથવા ડી.ડી. મારફત ચુકવવાની રહેશે. તે સિવાયની એનેક્ષર-બી માં બાવેલ એડવાન્સ રનીંગ મેઈન્ટેનન્સ શેર કન્ટ્રીબ્યુશન, લીગલ ચાર્જીસ, ઈલેકટ્રીક મીટર ચાર્જીસ, મ્યુનિ.ચાર્જીસ, જી.એસ.ટી., તથા સરકારશ્રી ધ્વારા અવારનવાર લાગુ પાડવામાં આવતા વેરાઓ તમોએ અમોને દસ્તાવેજ કરતા અગાઉ ચુકવી આપવાના રહેશે.

૪) આમાં બતાવેલ શરતો બાના કરાર લેખ તથા દસ્તાવેજમાં બતાવવામાં આવશે.

૫) સદરહું મિલ્કતના બાનાકરાર લેખ તથા વેચાણ દસ્તાવેજને લગતા સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, વકીલ ચાર્જીસ, ટાઈપીગ ખર્ચ વિગેરે ખર્ચ તમોએ ચુકવવાના રહેશે.